

P.07

સલમાન ખાનના શૂટિંગ સેટ પર અજાણ્યો વ્યક્તિ ઘૂસ્યો

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

એક્ટર અલ્લૂ અર્જુનને મળવા થિયેટરમાં મચી નાસભાગ



www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 120 • Dt. 06-12-2024 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ચીનના હેકિંગથી અમેરિકા સહિત અનેક દેશોમાં હલચલ મચી ગઈ



07

06
DECEMBER- 2024
FRIDAY



07

કાશ્મીરમાં તાપમાન શૂન્યથી નીચે, હિમાચલમાં હિમવર્ષાની શક્યતાઓ

### શિયાળાની ઠંડી વચ્ચે વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો

# ગુજરાતમાં ભર શિયાળે માવઠું! ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો!!!

**વલસાડ જિલ્લામાં શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો । કમોસમી વરસાદની અસર સંભવિત રીતે શિયાળુ પાક ઉપર પણ થઈ શકે**

। પ્રતિનિધિ, વલસાડ,તા.૫ ।

શિયાળાની ઠંડી વચ્ચે વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વલસાડ જિલ્લામાં શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. વિગતો મુજબ ધરમપુરના અંતરિયાળ ગામોમાં કમોસમી વરસાદ પડ્યો છે. આ તરફ ઠંડીના માહોલ વચ્ચે કમોસમી વરસાદના આગમનને લઈ જિલ્લાના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. મહતનું છે કે, આ કમોસમી વરસાદની અસર સંભવિત રીતે શિયાળુ પાક ઉપર પણ થઈ શકે છે.વલસાડ જિલ્લામાં શિયાળાની કાતિલ ઠંડીના માહોલ વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો છે. ધરમપુરના અંતરિયાળ ગામોમાં કમોસમી વરસાદનુ આગમન થયું છે. આવધા,રાજપુરી ,ગોરખડા અને મોહપાડા સહિતના ગામોમાં




માવઠું પડ્યું છે. નોંધનીય છે કે, હવામાન વિભાગે જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. આ તરફ આજે પણ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.નોંધનિય છે કે, રાજ્યમાં શિયાળાની ઠંડી વચ્ચે હવે માવઠાની આગાહી સામે આવી છે. વાસ્તવમાં ઉત્તર પૂર્વીય પર્વતીય વિસ્તારમાં સતત હિમવર્ષાને કારણે આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં ઠંડી વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આ તરફ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ વેસ્ટર્ન ડિસ્ટબન્સ સાથે કડકડતી ઠંડી અને માવઠાની પણ આગાહી કરી છે.જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ રાજ્યના હવામાનને લઈ આગાહી કરી છે. અંબાલાલ પટેલે કહ્યું છે કે, અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનો ભેજ આવવાના કારણે ૬ ડિસેમ્બરથી વાદળો આવશે. જેના કારણે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ અને સામાન્ય વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ૧૫થી ૧૭ ડિસેમ્બરના રોજ વાદળછાયું વાતાવરણ તો ડિસેમ્બરના અંતમાં પણ હળવું માવઠું થવાની શક્યતા છે. અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ૧૦થી ૧૧ ડિસેમ્બરના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઠંડીનું જોર વધશે.
















પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર
મારો અવાજ

મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Friday
06-12-2024
02

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## સુરતમાં ઝીંગા જમવા બાબતે થયેલી બબાલમાં એકનું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, સુરત,તા.૫ ।

સુરતમાં ઝીંગા જમવા જેવી નજીવી બાબતે થયેલી બબાલમાં એક વ્યક્તિનું નોત નીપજતા ચકચાર મચી છે. આ બનાવ ઈચ્છાપોર ગામના બસ સ્ટોપ પર બન્યો હતો. જેમાં એક સફાઈ કામદારનું રહસ્યમય સંજોગોમાં મોત થયું હતું. જેમાં ઝીંગા જમવા બાબતે બે મિત્રો વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં એક મિત્રનું મોત નીપજ્યું હતુ, પ્રાથમિક તપાસમાં ત્રણ મિત્રો તાડી પીધા બાદ સફાઈ મશીન લઈને નીકળ્યા હતા. બાદમાં સુરતના ઈચ્છાપોર ગામના બસ સ્ટેન્ડ પર પહોંચીને જીંગા જમવા બેઠા હતા. બાદમાં મને કેમ ઝીંગા ઓછા આપ્યા કહીને ઝઘડી પડ્યા હતા.જેમાં વિજય અને કરણ નામના મિત્રો વચ્ચે ઝપાઝપી થઈ હતી. જેમાં એક સફાઈ કામદારનું મોત થયું હતું. પોલીસે મોતનું કારણ જાણવા માટે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેને પગલે ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે,એમ પ ોલીસે કહ્યું હતું.

## ગુજરાતના મંદિરોમાંથી ચોરી કરતી પશ્ચિમ બંગાળની ગેંગનો પર્દાફાશ !

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં દિવસે દિવસે મંદિરમાંથી ચોરી થતી હોવાની ઘટનાઓમાં વધારો થયો છે. મંદિરમાં ભગવાનના દર્શન કરવાના બહાને આવી રેકી કરી રાત્રે ચોરી કરતી ટોળકીને પકડવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. અમદાવાદમાંથી આવી જ ચોર ટોળકીનો પર્દાફાશ થયો છે. ગુજરાતના મંદિરોમાં ચોરી કરતી પ શ્ચિમ બંગાળની ગેંગના ૨ આરોપ ીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.મોહમંદ આમીનૂર ઉર્ફે ભયંકર પઠાણ અને યાસીન કલામ શેખની મંદિર ચોરી કેસમા ધરપકડ કરવામાં આવી છે. આ બન્ને રીઢા મંદિર ચોર છે. જેમણે નવસારી જિલ્લાના બીલીમોરા જૈન મંદિરમાંથી ચાંદીની મૂર્તિ, પંચધાતુ મૂર્તિ અને રોકડ નાણાંની ચોરી કરી હતી.આ ચોરી કેસમા ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ઈસનપુર ચંડોળા તળાવ પાસે આરોપી છૂપાયા છે.

### ૨૦૧૯માં 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' નો પ્રારંભ કર્યો હતો

# શોપિંગ ફેસ્ટિવલમાં થયું રેકોર્ડ વેચાણ । ઓક્ટોબરની આવક વાર્ષિક ૨૦.૫% વધીને ૬૯ કરોડથી પણ વધુ

**ફેસ્ટિવલમાં વિવિધ શોપિંગ ઝોન અને હોટસ્પોટ્સ પર મુલાકાતીઓને શોપિંગની સાથે સેલિબ્રેશનનો પણ ભાગ બનવાની તક મળી રહી છે**

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૫ ।

અમદાવાદના સમૃદ્ધ વારસાને ઉજાગર કરવા, વિવિધ વ્યવસાયો અને કારીગરોને યોગ્ય પ્લેટફોર્મ પ ૂરું પાડવા તેમજ પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે ૨૦૧૯માં 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' નો પ્રારંભ કર્યો હતો. આના તર્જ પર ૧૨ ઓક્ટોબર એટલે કે દશેરાના અવસરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ'નો શુભારંભ કરાવ્યો હતો. આ ફેસ્ટિવલમાં વિવિધ શોપિંગ ઝોન અને હોટસ્પોટ્સ પર મુલાકાતીઓને શોપિંગની સાથે સેલિબ્રેશનનો પણ ભાગ બનવાની તક મળી રહી છે. ૧૪ જાન્યુઆરી, ઉત્તરાયણ સુધી એટલે કે કુલ ૯૫ દિવસ સુધી ચાલનારા ફેસ્ટિવલને ૧૨ ઑક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૪, ૧૧ નવેમ્બરથી




૧૩ ડિસેમ્બર ૨૦૨૪ અને ૧૫ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ એમ ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં ૨૦ લાખથી વધુ લોકોએ 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' ની મુલાકાત લીધી હતી.આ ફેસ્ટિવલનું ૪ મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ- સિંધુ ભવન રોડ, ઝર રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત, સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લો ગાર્ડન, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહલાદનગર રોડ અને અમદાવાદ વન, પેલેડિયમ મોલ જેવા શોપિં ગ મોલ્સ સહિત ૧૪ હોટસ્પોટ્સ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' ૨૦૨૪-૨૫નો મુખ્ય ઉદ્દેશ શહેરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવાનો, અર્થવ્યવસ્થાને વેગ આપ વાનો અને ખરીદીના શોખીનો માટે અમદાવાદને અગ્રણી સ્થળ તરીકે સ્થાપિત કરવાનો છે. શોપિંગ ફેસ્ટિવલમાં દૈનિક વસ્તુઓથી માંડીને દુર્લભ વસ્તુઓનું વેચાણ, વિવિધ સ્થળોએ લાઈટ ડેકોરેશન, સેલ્ફી પ ોઈન્ટ્સ, મ્યુઝિક ફેસ્ટિવલ, સાંસ્કૃ તિક પ્રદર્શન, ફેશન શો, મેજીક શો, ફ્લી માર્કેટ સહિતની આકર્ષક પ્રવૃ ત્તિઓના કારણે 'અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલ' ને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. ૧૨ ઑક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૪ સુધીના પ્રથમ તબક્કામાં ૨૦ લાખથી વધુ લોકોએ 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' ની મુલાકાત લીધી હતી, જેમાં ૭.૫ લાખ લોકોએ શોપિંગ ઝોનમાં અને ૩.૬ લાખ અમદાવાદ વન મોલમાં હાજરી આપી હતી.'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' માં ખરીદદારોનો ઉત્સાહ વધારવા માટે તેઓ મહત્તમ ડિસ્કાઉન્ટ, લકી ડ્રૉ, કૂપન અને આકર્ષક ઈનામોનો લાભ લઈ શકે તેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પરિણામે, વિવિધ દુકાનોની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ' ની લાઈટ્સ અને સજાવટના કારણે પણ લોકો ફેસ્ટિવલમાં ભાગ લેવા પ્રેરાયા છે. સીજી રોડ જેવા રોશનીવાળા વિસ્તારોમાં ૩૦-૪૦ દુકાનોના વેચાણમાં ૧૨-૧૫%નો વધારો થયો છે. 'અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલ'ના કારણે ઑક્ટોબર ૨૦૨૪માં ૬૯,૯૦૪ કરોડનું વેચાણ જોવા મળ્યું હતું,

## ધારાસભ્યની પજવણીથી કંટાળી રાજીનામું આપ્યું હોવાનો મહિલા પ્રમુખનો આક્ષેપ

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૫ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં છેલ્લા કેટલાક સમયથી ભાજપનો આંતરિક કકળાટ ચરમસીમાએ પ હોંચ્યો છે. જો કે હવે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવ્યો છે. ડીસા નગરપાલિકા પ્રમુખ તરીકે સંગીતાબેન દવેએ ૧૫ માસ અગાઉ ચાર્જ સંભાળ્યો ત્યારથી જ ભાજપમાં આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો હતો. એક તરફ ડીસા નગરપાલિકા પ્રમુખ તરીકે સંગીતા દવેનું નામ જાહેર થતા જ બીજી તરફ ડીસા પાલિકાના ઉપપ્રમુખ તેમજ કેટલાક ભાજપના જ સભ્યો પોતાના રાજીનામાં સાથે પ્રમુખ વિરુદ્ધ રજૂઆત લઈ ભાજપ કાર્યાલય ખાતે પહોંચી ગયા હતા. જોકે પ્રમુખ સંગીતાબેન દવેને પ્રમુખ પદ સોંપાતા જ ભાજપના કેટલાક સભ્યોએ પ્રમુખ સામે મોરચો માંડી દીધો હતો. જોકે છેલ્લા ચાર માસથી આ વિવાદ એટલો વકર્યો કે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવી ગયો હતો. જો કે હવે ભાજપનો આંતરિક કકળાટ ઉભરીને બહાર આવ્યો છે.

## ભરૂચ : જે.બી.કેમીકલ અને ફાર્માસ્યુટિકલ લી.માં કામદારનું મોત

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૫ ।

ભરૂચમાં જે.બી.કેમીકલ અને ફાર્માસ્યુટિકલ લી.માં કામદારનું મોત નીપજતા શોકની લાગણી છવાઈ ગઈ છે. બનાવની વિગત મુજબ અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આ બનાવ બન્યો હતો. પ્રોડક્શન ડિપાર્ટમેન્ટમાં કામદાર અચાનક બેભાન થઈ ગયો હતો. સારવાર અર્થે કામજદારને તાત્કાલિક જયાબેન મોદી હોસ્પિ ટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન કામદારનું મોત નીપજ્યું હતું.તપાસમાં કામદાર મુળ ડેડીયાપાડાનો રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસે મૃતદેહનો કબજો મેળવ્યો હતો. બાદમાં મૃતદેહને પ ોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ કામદારના મોતનું સાચુ કારણ સામે આવશે, એમ પોલીસે કહ્યું હતું. તપાસમાં કામદાર મુળ ડેડીયાપાડાનો રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું.

## ગાંધીધામમાં નકલી ઈડીની ટીમનો પર્દાફાશ, ૧ મહિલા સહિત ૧૨ આરોપીની ધરપકડ

। પ્રતિનિધિ, ભુજ,તા.૫ ।

ગુજરાતમાં નકલી વસ્તુઓ સહિત અધિકારીઓ ઝડપાવાનો સિલસિલો યથાવત છે. ત્યારે કચ્છના ગાંધીધામમાં નકલી ઈડ્ઢની ટીમનો પર્દાફાશ થયો છે. ૧ મહિલા સહિત ૧૨ આરોપી પોલીસ સકંજામાં આવ્યા છે. ઈડ્ઢના અધિકારીની ઓળખ આપીને વેપારી સાથે ઠગાઈ કરી હતી. નકલી અધિકારીઓએ રાધિકા જ્વેલર્સ નામની પેઢીમાં દરોડા પાડ્યા હતા.કાર્યવાહી દરમિયાન ૨૫.૨૫ લાખના સોનાના દાગીના ચોરી કરી ફરાર થયા હતા. ઈડી અધિકારીઓ નકલી હોવાનો ખ્યાલ આવતા વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલા આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનો ખુલાસો થયો હતો. જો કે ૧૫ દિવસ પહેલા નકલી દરોડાનો પ્લાન ઘડ્યો હતો.આરોપીઓએ ચોરેલ સોનું તેમજ તેમની પાસેથી મળી આવેલા વાહનો સહિત પોલીસે કુલ રૂપિયા ૪૫.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓને ઝડપી પાડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી. ટેક્નીકલ સર્વેલન્સ, ખાનગી બાતમીદારો અને સીસીટીવી ફૂટેજના આધારે નકલી ઈડી ગેંગનું પગેરું ઝડપી પાડવામાં આવ્યું હતું. હાલ ૧ મહિલા સહિત ૧૨ આરોપી પોલીસના સકંજામાં છે. જ્યારે એક આરોપી હજુ ફરાર છે.

### ફરી એકવાર સલાયાના જહાજની ખરાબ હવામાનને લીધે મધદરિયે જળસમાધિ

# પોરબંદરથી ઇરાન જતા વિશાળ જહાજની મધદરિયે સમાધિ । ૧૨ ખલાસીઓનો બચાવ

। પ્રતિનિધિ, પોરબંદર,તા.૫ ।

ફરી એકવાર સલાયાના જહાજની ખરાબ હવામાનને લીધે મધદરિયે જળસમાધિ થઈ છે. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરની ટીમ દ્વારા સલાયાના જહાજ પર સવાર ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. સલાયાના 'અલ પિરાને પીર' નામના જહાજ ૨ દિવસ પહેલા પોરબંદરથી નીકળ્યું હતું. પોરબંદરથી જનરલ કાર્ગો ભરી ઈરાનના અબ્બાસ પોર્ટ પર જવા નિકળ્યું હતું. વહેલી સવારે ૮ વાગ્યા આસપાસ મધદરિયે ખરાબ હવામાનને લીધે જહાજ ડૂબવા લાગ્યું હતું.

મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરને જાણ કરાતા રેસ્કયુ ટીમ દ્વારા રેસ્કયુ કરવામાં આવ્યું હતું. જેમાં મધદરિયે ડૂબી રહેલ જહાજના તમામ ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. બચાવેલ ખલાસીઓને પ ોરબંદર લાવવામાં આવશે. જહાજ ડૂબવાના સમાચારને લીધે માછીમારો અને સાયલા પંથકના લોકો શોકમાં છે.આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, સલાયાના રહેવાસી સુલતાન ઈસ્માઈલ સુંભણીયાની માલિકીનું "અલ પિરાને પીર' નામનું જહાજ બે દિવસ પહેલા પોરબંદરથી જનરલ કાર્ગો ભરી અને ઈરાનનાં બંદર અબાસ પ ોર્ટે જવા નીકળ્યું હતું. જે જહાજ પર ૧૨ લોકો સવાર હતા. જહાજ નીકળ્યા બાદ આજે સવારે ૮ વાગ્યા આસપાસ ખરાબ હવામાનને લીધે જહાજ મધદરિયે ફસાયું. ત્યારે ખલાસીઓ દ્વારા ઈન્ડિયન સેલીંગ વેસલ્સ એસોશિયલનને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આ ખલાસીઓની મદદ માટે નૌકાદળ આવી પહોંચ્યું હતું.આ તમામ ખલાસીઓને આવતીકાલે પોરબંદર લાવવામાં આવશે. આ જહાજ ડૂબવાના લીધે જહાજ માલિકને ખૂબ મોટું આર્થિક નુકશાન જવા પામ્યું છે. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરની ટીમ દ્વારા સલાયાના જહાજ પર સવાર ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. સલાયાના 'અલ પિરાને પીર' નામના જહાજ ૨ દિવસ પહેલા પોરબંદરથી નીકળ્યું હતું.




CMYK

## ડિસેમ્બરમાં બે-બે વાવાઝોડાની અસર થશે

# અરબ સાગરમાં ડીપ ડિપ્રેશનને કારણે દક્ષિણ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડી શકે

### ભરશિયાળે આગાહીકાર અંબાલાલ પેટલની વધુ એક ચિંતાજનક આગાહી આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ભરશિયાળે આગાહીકાર અંબાલાલ પેટલની વધુ એક ચિંતાજનક આગાહી આવી છે. આજથી ૪ દિવસ ગુજરાતમાં માવઠાની આગાહી છે. આજથી ૮ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં માવઠાની આગાહી છે. ફેંગલ વાવાઝોડાને પગલે અરબ સાગરમાં ડીપ ડિપ્રેશન બન્યું છે. જેને કારણે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડી શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારમાં પણ માવઠું પડવાની પૂરતી શક્યતા છે. આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, ૪ થી ૮ ડિસેમ્બરે ફેંગલ વાવાઝોડાના અસરને કારણે અરબ સાગરમાં ડીપ ડિપ્રેશન બનશે. આ કારણે સૂર્ય જ્યેષ્ઠા નક્ષત્રમાં આવતા વાયુક્ષોભ આવવાની શક્યતા છે. તેની અસરને પગલે પૂર્વીય મધ્યપ્રદેશ, દક્ષિણ રાજસ્થાન, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં



વાદળવાયુ આવતા ક્યાંક છાંટા પડવાની શક્યતા છે. આ સમયે માવઠાની શક્યતા છે. અંબાલાલ પટેલે કહ્યું કે, વાદળો આવતા લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી ઓછું રહેવાની શક્યતા છે. પંચમહાલ અને કચ્છમાં ઠંડા પવન ફૂંકાવવાની શક્યતા છે. ૧૦ ડિસેમ્બરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતા ઠંડીમાં વધારો થશે. તાપમાન ૧૨ ડિગ્રીથી નીચું જાય તેવી શક્યતા છે. ૧૪-૧૮ ડિસેમ્બરે બાંગાળના ઉપસગારમાં લો પ્રેશર બનતા ગુજરાતમાં વાદળવાયુ આવવાની શક્યતા છે. તો ૨૩ ડિસેમ્બરથી મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતા ગાત્રો થીજવતી ઠંડીની શક્યતા છે. વાવાઝોડાના કારણે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છના ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય વધવા છતાં પણ ઠંડીની અસર જણાશે. ૧૪થી ૧૮ ડિસેમ્બરના બંગાળના ઉપાસાગરમાં બીજું એક લો પ્રેશર બનવાની શક્યતા રહે. જેની દક્ષિણ પૂર્વ તટ પર રહેશે.ઉત્તરથી લઈને દક્ષિણ સુધી ચારેતરફ તીવ્ર ઠંડીનું મોજું ફરી ગયું છે. હિમાચલમાં હિમવર્ષાને કારણે ઠંડીનું મોજું વધ્યું છે. ડિસેમ્બરના આગમનની સાથે જ ઠંડીએ પણ પોતાના રંગ બતાવવાનું શરૂ કરી દીધું છે. પરંતુ ડિસેમ્બરના આગામી દિવસો આના કરતા વધુ ભયાનક જશે તેવી આગાહી આવી ગઈ છે. હવામાન વિભાગે ઠંડીની નવી આગાહીને લઈને મોટું એલર્ટ આપ્યું છે.ભારતીય હવામાન વિભાગએ નવી આગાહીમાં જણાવ્યું કે, આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. દેશના મોટા ભાગના ભાગોમાં શિયાળા દરમિયાન સામાન્ય તાપ માન કરતાં વધુ નોંધાય તેવી શક્યતા છે ઓછા શીત લહેર દિવસો: ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને ઉત્તર-પૂર્વ ભારતમાં ઓછા શીત લહેર દિવસો રહેશે. દક્ષિણ ભારતમાં ઠંડી વધી શકે છે.

## મુશ્તાક અલી ટી ૨૦ ટ્રોફીમાં ૨૦ ઓવરમાં ૩૪૯ રન

# બરોડાએ ટી-૨૦માં સૌથી વધુ સ્કોર બનાવવાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા

। વડોદરા,તા.૫ ।

બરોડાની ટીમે સૈયદ મુશ્તાક અલી ટી ૨૦ ટ્રોફીમાં ૨૦ ઓવરમાં ૩૪૯ રન બનાવીને ટી ૨૦ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા આ રેકોર્ડ ઝિમ્બાબ્વેના નામે હતો. ઝિમ્બાબ્વેએ ઓક્ટોબર ૨૦૨૪માં ગામ્બિયા સામે ૨૦ ઓવરમાં ૩૪૪ રન બનાવ્યા હતા.

સિક્કિમ સામે રમાયેલી ટી ૨૦ મેચમાં બરોડાએ વર્લ્ડ રેકોર્ડની વાર્તા લખી. જોકે, હાર્દિક પંડ્યા સૌથી વધુ સ્કોર ધરાવતી મેચમાં ટીમનો ભાગ નહોતો. તેનો મોટો ભાઈ કૃણાલ પંડ્યા રમી રહ્યો હતો અને તે ટીમનો કેપ્ટન પણ છે. પરંતુ તેને પણ બેટિંગ કરવાની તક મળી ન હતી. બરોડાના ટોપ ઓર્ડર બેટ્સમેનોએ સિક્કિમના બોલરોની જોરદાર ધુલાઈ કરી અને ટી ૨૦ ક્રિકેટના ઈતિહાસનો સૌથી મોટો સ્કોર બની ગયો.

સૈયદ મુશ્તાક અલી ટી ૨૦ ટ્રોફીના ગ્રુપ બી મેચમાં બરોડાએ સિક્કિમ સામે પ્રથમ બેટિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો. બરોડાના બેટ્સમેનોએ કરેલા ઘોંઘાટનો સિક્કિમના બોલરો પાસે કોઈ જવાબ નહોતો. બરોડાના બેટ્સમેનો તેમની સ્ટ્રાઈક રેટ જોઈને કેટલી નિર્દયતાથી બેટિંગ કરી રહ્યા હતા તેનો અંદાજ લગાવી શકો છો. ટોચના ૫ બેટ્સમેનમાંથી કોઈનો સ્ટ્રાઈક રેટ ૨૦૦થી નીચે નહોતો.

બરોડાના ટોપ ઓર્ડરના ૫માંથી ૪ બેટ્સમેનોએ ફિફ્ટી પ્લસ રન બનાવ્યા હતા. સૌથી વધુ રન ભાનુ પાનિયાએ બનાવ્યા હતા, જે ૫૧ બોલમાં ૧૩૪ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો હતો. ૨૬૨.૭૫ની સ્ટ્રાઈક સાથે રમાયેલી તેની ઈનિંગમાં ૧૫ સિક્સ અને ૫ ફોરનો સમાવેશ થાય છે. આ સિવાય શિવાલિક શર્માએ ૧૭ બોલમાં ૩૨૩થી વધુના સ્ટ્રાઈક રેટથી ૫૫ રન બનાવ્યા હતા. સોલંકીએ ૩૧૨થી વધુના સ્ટ્રાઈક રેટથી ૫૦ રન બનાવ્યા હતા. સૌથી પહેલા ઓપનર અભિમન્યુ સિંહે ૧૭ બોલમાં ૩૧૧થી વધુના સ્ટ્રાઈક રેટથી ૫૩ રન બનાવ્યા હતા. સિક્કિમ સામે રમાયેલી ટી ૨૦ મેચમાં બરોડાએ વર્લ્ડ રેકોર્ડની વાર્તા લખી. જોકે, હાર્દિક પંડ્યા સૌથી વધુ સ્કોર ધરાવતી મેચમાં ટીમનો ભાગ નહોતો. તેનો મોટો ભાઈ કૃણાલ પંડ્યા રમી રહ્યો હતો અને તે ટીમનો કેપ્ટન પણ છે. પરંતુ તેને પણ બેટિંગ કરવાની તક મળી ન હતી.

# વલસાડમાં મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડર, આરોપીની ધરપકડ

। માહિતી બ્યુરો, વલસાડ, તા.૫ ।

ગુજરાતમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.વલસાડના મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડરનો મામલો બન્યો છે. ત્યારે વલસાડના પારડીના મોતીવાડામાં યુવતીના મોત અંગે ખુલાસો થયો છે. યુવતીની પીએમ રિપોર્ટમાં દુષ્કર્મ બાદ હત્યા થઈ હોવાનું ખુલ્યું છે. મૃતક યુવતીના શરીર પરથી ઈજાના નિશાન પણ મળી આવ્યા છે.જિલ્લા પોલીસવડા સહિત ટીમે ઘટના સ્થળ પર નિરીક્ષણ કર્યું છે. ઘટના સ્થળેથી બેગ, ચપંલ, પાણીની બોટલ, ચાદર પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસની ૧૦થી વધુ ટીમે આંતરરાજ્ય તપાસ શરુ કરી છે.પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે તપાસ કરીને આરોપીનો ઈતિહાસ શોધ્યો, આરોપીએ કરેલી વધુ એક હત્યાનો ભેદ ઉકેલાયો, ડભોઈમાં ૮ જૂનના રોજ રેલવે સ્ટેશન પર યુવકને ઉતારી લૂંટના ઈરાદે યુવકની હત્યા કરી હતી.છેલ્લા ૨૫ દિવસમાં ૫ રેપ વિથ મર્ડરના ગુનાઓનો ખુલાસો થયો હતો. ડભોઈમાં કરેલી વધુ એક હત્યાની આરોપીએ કબુલાત કરી છે. અત્યાર સુધી ૬ હત્યાનો ભેદ ઉકેલાયો, આરોપી અત્યારે રિમાન્ડ હેઠળ છે. હજુ પણ અન્ય ગંભીર ગુનાઓના ભેદ ઉકેલવાની શક્યતા છે. ગુજરાતમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.વલસાડના મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડરનો મામલો બન્યો છે. ત્યારે વલસાડના પારડીના મોતીવાડામાં યુવતીના મોત અંગે ખુલાસો થયો છે.







## તંત્રી લેખ...

# સંકટથી પણ આગળ

દેશમાં જળ સંકટ પર નીતિ આયોગના હાલના રિપોર્ટથી કેટલીક ખૌફનાક સ્થિતી સપાટી પર આવી ગઇ છે. જો કે એવા કોઇ સંકેત મળતા નથી કે સરકારની નીતિ પર અને પ્રાથમિકતા પર તેની કોઇ પ્રતિકુળ અસર થનાર છે. આવા જ કારણે એવી શંકા રહેલી છે કે આ રિપોર્ટ પર અગાઉના રિપોર્ટની જેમ જ થોડાક દિવસ ચર્ચામાં રહ્યા બાદ હવા થઇ જશે. દર વર્ષે આ પ્રકારના હેવાલ સપાટી પર આવતા રહે છે. રિસર્ચ અને અભ્યાસ હેવાલો સપાટી પર આવતા રહે છે. નીતિ આયોગના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમે ઇતિહાસના સૌથી ભીષણ જળ સંકટના દૌરમાંથી પસાર થઇ રહ્યા છીએ. શુદ્ધ પાણી ન મળવાના કારણે વાર્ષિક બે લાખ લોકોના મોત થઇ જાય છે. વર્ષ ૨૦૨૦ સુધી દેશના ૨૧ શહેર ભૂગર્ભ જળની કમીના કારણે મુશ્કેલનો સામનો કરી રહ્યા હતા. વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં પાણીની માંગ આના પુરવઠા કરતા બે ગણી થઇ જશે અને સમસ્યા વધારે વિકરાળ બની જશે. રિપોર્ટમાં અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ છે. પાણીની આ કમીના જીડીપી પર પડનાર અસરને પણ ધ્યાનમાં લઇને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ જળ સંકટના કારણે જીડીપીમાં છ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે. રિપોર્ટમાં દર્શાવાયેલી સ્થિતી તમામ લોકોની આંખો ખોલી નાંખે છે. જો કે આ બાબતને પણ નકારી શકાય નહી કે તે પહેલા પણ આવા હેવાલ આવતા રહ્યા છે. દર વર્ષે વરસાદની સિઝનની શરૂઆત થાય તે પહેલા કોઇને કોઇ જળ સાથે સંબંધિત સંસ્થા દ્વારા પાણીના સંકટને લઇને રિપોર્ટ જારી કરે છે. એટલે કે સરકાર અને નિષ્ણાંતો પરિસ્થિતીની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સ્થિતીથી વાકેફ હોવા છતાં વરસાદના પાણીને બચાવવા, પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા રાખવા અને ભૂગર્ભ જળને લઇ ચર્ચા રહી છે. આની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. સરકારની પ્રાથમિકતામાં આ મુદ્દો દુર દુર સુધી દેખાતો નથી. પાણીની ચિંતા કર્યા વગર દરેક નાના મોટા શહેરમાં નવી નવી કોલોની બની રહી છે. આને વિકાસની જીવિત તસ્વીર તરીકે પણ ગણવામાં આવે છે. આ તમામ કોલોની સુધી પાણી કઇ રીતે પહોંચી જશે અને ગંદા પાણીનો નિકાલ કઇ રીતે કરવામાં આવનાર છે તેને લઇને કોઇ વ્યવસ્થા કે આયોજન સરકાર અથવા તો સંબંધિત લોકો દ્વારા કરવામાં આવતુ નથી. એકંદરે અમે આઇન્સટાઇનની ડાયરીના હવાલેતી આવેલી રિપોર્ટ પર ખરા ઉતરી રહ્યા છીએ. જેમાં કહેવામાં આવે છે કે ભારતીય ૧૫ મિનિટથી વધારે આગળ પાછળ વિચારવા માટેની શક્તિ ધરાવતા નથી. પાણીની ચિંતાને સરકારની પ્રાથમિકતામાં સામેલ કરવામાં આવશે તો જ નીતિ આયોગની સફળતાને યોગ્ય ગણી શકાશે.



### કેટલાક શહેરોમાં એકથી વધારે વિમાનીમથક બનાવવાને મહત્વ

**ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઇને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઇ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી.જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી.**

# નવા એરપોર્ટ નિર્માણને પણ મહત્વ

**વિમાનમાં મુસાફરી કરતા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે : તમામ નાના પરંતુ વિકાસ તરફ વધતા શહેરોમાં એરપોર્ટ હશે**

દેશમાં વિમાનીમથકોની સંખ્યા વધારી દેવાની જરૂરિયાત અનુભવાઇ રહી છે. કેટલાક મોટા શહેરોમાં તો આવનાર દિવસોમાં એક કરતા વધારે વિમાનીથક રહેનાર છે. કારણ કે દેશમાં વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઇ રહ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા પણ છેલ્લા છ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. આનાથી સીધો ફાયદો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશના ઓછામાં ઓછા ૨૦ શહેરોમાં ત્યાં રહેલા વિમાનીમથક ઉપરાંત એક વધુ વિમાનીમથકની જરૂર પડનાર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ શહેરોમાં મુંબઇ, દિલ્હી, ગોવા, વિશાખાપટ્ટનમ, જયપુર, પુણે, કોલકત્તા અને બેંગલોરનો સમાવેશ થાય છે. એક અભ્યાસમાં આ મુજબન વાત સપાટી પર આવી છે. આ હેઠળ આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે કે કયા શહેરમાં વિમાનીમથક ક્યારે પોતાની ક્ષમતાને હાંસલ કરી લેશે. અલબત્ત ક્ષમતા પૂર્ણ થયાના પાંચ વર્ષ પહેલા જ નાગરિક ઉડ્ડયન મંત્રાલય જુદા જુદા રાજ્યોની સરકારોને વિમાનીમથક માટે જમીન આપી દેવા માટે અપીલ કરશે. કેટલાક મોટા વિમાનીમથકોથી તેમની ક્ષમતા કરતા વધારે યાત્રી મુસાફરી કરી રહ્યા



છે. દિલ્હી દાખલા તરીકે લઇ શકાય છે. ગયા વર્ષે દિલ્હી વિમાનીમથકથી આશરે સાઢા છ કરોડ પ્રવાસીઓએ યાત્રા કરી હતી. આ સંખ્યા આ વર્ષે સાત કરોડ સુધી પહોંચે તેવી શક્યતા છે. આ ગતિથી આ વિમાનીમથક પર યાત્રી બોજ તેની ક્ષમતા કરતા ખુબ વધારે થઇ જશે. ક્ષમતા પૂર્ણ કરી ચુકેલા વિમાનીમથકોના વિસ્તરણ માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક વિમાનીમથક એવા પણ છે જે વિમાનીમથકના વિસ્તરણ માટે કોઇ સંભાવના રહેલી નથી. ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઇને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઇ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી.જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી. દક્ષિણ કોરિયા ૮.૧ ટકાની સાથે ત્રીજા સ્થાને રહ્યુ હતુ. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૨૫ સુધી ભારત બ્રિટનને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી મોટા નેટવર્ક તરીકે ઉભરી આવશે. હકીકત એ છે કે ભારતમાં મધ્યમ વર્ગમાં ઝડપથી વધારો થયો છે. તેમની ખરીદી શક્તિમાં વધારો થયો છે. સાથે સાથે તેમની દેશન અંદર અવરજવર પણ વધી ગઇ છે. મધ્યમ વર્ગના લોકો તેમની યાત્રા પર વધારે ખર્ચ કરવા માટે તૈયાર દેખાઇ રહ્યા છે. જેથી નાના નાના શહેરોમાં પણ વધારે વિમાની યાત્રી જોવા મળી શકે છે. ખાનગીકરણ બાદ કેટલીક વિમાની કંપનીઓ લો કોસ્ટ સેવા શરૂ કરી ચુકી છે. જેથી આ સેક્ટરનુ કદ વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં યાત્રીઓની વધતી જતી સંખ્યા વચ્ચે વિમાનીમથકોની ક્ષમતાને વધારી દેવાની જરૂર છે. સ્થાનિક યાત્રીઓની સાથે સાથે વિદેશી પ્રવાસીઓ માટે પણ અમારા વિમાનીમથકોને ટેકનિકની દ્રષ્ટિએ વધારે પ્રોફેશનલ બનાવી દેવાની જરૂર છે. એર ટ્રાફિક મેનેજમેન્ટને લઇને પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે. મોદી સરકાર વારંવાર કહી રહી છે કે દેશમાં હવાઇ ચંપલ પહેરનાર વ્યક્તિ વિમાની યાત્રા કરી શકે તે માટે યોજના તૈયાર કરવામાં આવી રહી છે. નવા નવા વિમાનોના ઓર્ડર આપવામાં આવીરહ્યા છે. દેશમાં વિશ્વાસનો માહોલ છે. સાથે સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં તેજી આવી રહી છે જેની સીધી અસર જોવા મળી રહી છે. એરપોર્ટ પર ક્ષમતાને સુધારી દેવા માટે આગામી દિવસોમાં ઝડપથી કામ થાય તેવી શક્યતા દેખાઇ રહી છે. આના માટેના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે.

# મહિલાઓમાં વિટામિન ડીની કમી છે

ભારતીય મહિલાઓના આરોગ્યને લઇને ફરી એકવાર નવી ચર્ચા છેડાઇ ગઇ છે. આનુ મુખ્ય કારણ હાલમાં જારી કરવામાં આવેલા એક રિપોર્ટના તારણને ગણવામાં આવે છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં કુલ ૭૪ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી રહેલી છે. વિટામિન ડીની કમીના કારણે અનેક પ્રકારની બિમારીઓને આમંત્રણ મળે છે. આ મામલામાં ઉત્તર ભારતમાં રહેતી મહિલાઓની સ્થિતી સૌથી ખરાબ હોવાનુ સપાટી પર હવે આવ્યુ છે. વિટામિન ડી શરીર માટે ખુબ ઉપયોગી છે. આવી સ્થિતીમાં વિટામિન ડીની કમી હોવાની સ્થિતીમાં મહિલાઓને જુદી જુદી તકલીફ થાય છે. જેમાં ઓસ્ટિયોપોરોસિસ, ડાયાબિટીસ, જોડમાં પીડા અને પગમાં સોઝા જેવી બાબતનો સમાવેશ થાય છે. દિલ્હી મેડિકલ એસોસિએશન ના પૂર્વ અધ્યક્ષ અને સિનિયર ફિજિશિયન ડોક્ટર અનિલ બંસલ કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમીનુ મુખ્ય કારણ એ હોય છે કે દેશમાં મોટા ભાગની મહિલાઓ સાડી, સલવાર કુરતા પહેરે છે. જેના કારણે તેમના શરીરવિટામિન ડી બનાવનાર મુખ્ય સ્ત્રોત સુરજની કિરણોને પૂર્ણ રીતે ઢાકી દે છે. હજુ સુધી સ્થાનિક મહિલાઓમાં જ અથવા તો ઘરમાં રહેતી મહિલાઓમાં વધારે પ્રમાણમાં વિટામિન ડીની કમી રહેતી હતી. કારણ કે નોકરી કરતી મહિલાઓ પણ વધારે સમય સુધી ઓફિસમાં રહે છે. જેથી સુર્ય પ્રકાશથી વંચિત રહે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કુદરતી રીતે શરીરમાં વિટામિન ડીની કમીને રોકવા માટે સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે સુર્યની રોશની છે. જો સવારે અથવા તો સાંજે આશરે એક કલાક સુધી સુર્યની સામે રહેવામાં આવે તો વિટામિન ડીની કમીથી બચી શકાય છે. વિટાંમિન ડી સપ્લીમેન્ટ પણ લઇ શકાય છે. વિટામિન ડી ઇન્ડાના પીળા હિસ્સામાં હોય છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે.



### ભારતમાં ૧૦ લાખથી વધુની વસ્તીવાળા ૫૦થી વધારે શહેરો છે

**શહેરી તૈયારીઓમાં હિટવેવ્ય જેવી ઘટનાઓને લઇને યોજના બનાવવાની જરૂર દેખાઇ રહી છે તે હવે જાહેર આરોગ્યની કોઇ સમસ્યા તરીકે રહી ગઇ નથી સ્થાનિક એકમોને શ્રમ, પાણી, અને વીઝળી જેવા ક્ષેત્રોમાં સમન્વય કરવાની જરૂર દેખાઇ રહી છે**

# જળવાયુ પરિવર્તન : અમે કેટલા તૈયાર

**કેટલાક શહેરો દરિયા અને નદીની પાસે હોવાથી જળવાયુ પરિવર્તન પ્રત્યે ખુબ સંવેદનશીલ બન્યા છે : શહેરો માટે વિકાસ સર્વોપરિ એજન્ડો જરૂરી**

જળવાયુ પરિવર્તન પર અમે કેટલા તૈયાર છીએ તેને લઇને હમેંશા ચર્ચા રહે છે. જળવાયુ પરિવર્તનની અસરથી ભારતના તમામ શહેરો અને વિસ્તારો પ્રભાવિત થનાર છે. વર્ષ ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ થઇ જશે. તેના મોટા ભાગના હિસ્સા શહેરી રહેનાર છે. તે વખતે રહેવાલાયક શહેરો માટે વિકાસ સર્વોપરીના એજન્ડાને આગળ વધારીને આગળ વધવાની જરૂર પડનાર છે. આ એજન્ડાને પાર પાડવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહેનાર છે. ભારતના નીતિ નિર્માતાઓને દેશના શહેરોની જળવાયુ અને ભૌગોલિક વિવિધતાને સમજવાની ખુબ જરૂર છે.

અહીં ૧૦ લાખથી ઉપરની વસ્તીવાળા ઓછામાં ઓછા ૫૦ શહેર રહેલા છે. આમાંથી કેટલાક શહેરો જેમ કે ચેન્નાઇ, મુંબઇ જેવા શહેરો દરિયાઇ અથવા તો નદીની પાસે હોવાથી ખુબ સંવેદનશીલ છે. તેમ છતાં હાલના દિવસોસુધી શહેરના પ્લાનિંગ એજન્ડામાં જળવાયુ પરિવર્તન સામે મુકાબલો કરવા માટે કેટલાક સ્થાયી ઉપાયનો અભાવ દેખાય છે. મુંબઇ, સુરત અને કોલકત્તામાં એક સિરિઝની શરૂઆત કરવામાં આવી ચુકી છે. સરકારના સ્માર્ટ સિટી પ્લાન જળવાયુ પરિવર્તનનો મુકાબલો કરવા માટે આ દિશામાં એક નવી શરૂઆત છે. આ સ્માર્ટ સિટી પહેલ



સ્વાગતયોગ્ય શરૂઆત તરીકે છે. આવી જ રીતે ઇન્ડિયા કુલિંગ એક્શન પ્લાનનો હેતુ ૨૦૩૮ સુધી કુલિંગ ડિમાન્ડને ૨૫ ટકા સુધી અને રફ્રીજરેન્ટની માંગને ૨૫-૩૦ ટકા સુધી ઘટાડી દેવાની રહેલી છે. કેટલાક શહેરોએ આંતરરાષ્ટ્રીય સહકારની પહેલ કરી છે. જો કે આ પ્રકારની પારસ્પિક સહકારની યોજનાઓ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની મંજુરી અને નાણાંકીય સહાયતા પર નિર્ભર રહેવાની ફરજ પડે છે. કોઇ શહેરી ક્ષેત્રમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે લેવામાં આવેલા કોઇ પણ પગલા માટે જરૂરી છેકે તેને સ્થાનિક સ્તર પર તૈયાર કરીને તેને અમલી કરવામાં આવે. આની ખાતરી કરવા માટે સ્થાનિક સ્તર પર સશક્તિકરણની સાથે સાથે અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણને બદલી નાંખવાની જરૂર છે. અસંતુલન યોગ્ય રીતે રાખવા માટે વિકાસ સર્વોપરીના દ્રષ્ટિકોણને જાળવી રાખવાની જરૂર છે. અમને પારસ્પિક લાભના દ્રષ્ટિકોણની જરૂર છે. જે બંને પક્ષોની લાભની વાત કરી શકે છે. આવા દ્રષ્ટિકોણને અપનાવવાની જરૂર છે જેના કારણે સંઘર્ષની સ્થિતી ઉભી થઇ શકતી ન હોય. આ પ્રકારના દ્રષ્ટિકોણથી વધારે સારી ઉર્જા પ્રાપ્ત થઇ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે કોલકત્તા આશરે ચાર વર્ષની બે બેક અવધિના રોકાણ કરીને ૨૦૨૫ સુધી પોતાના કાર્બન ઉત્સર્જનને સરળતાથી ૨૧ ટકા ઘટાડી શકે છે. આ રોકાણથી થયેલી આવકને ફરી રોકાણ કરવાના કારણે શહેરી ક્ષેત્રો માટેકાર્બન ઉત્સર્જનમાં વધારે ઘટાડો થઇ શકે છે. જળવાયુ પરિવર્તનની યોજનાને લઇને ભારતની રાષ્ટ્રીય કાર્યયોજના ૨૦૦૮ના આ જ દ્રષ્ટિકોણને એકીકૃત તરીકે રજૂ કરે છે. જો કે આને જમીની સ્તર પર ઉતારવા માટે ખાસ ઉપાય કરવાની જરૂર દેખાઇ રહી છે. અમારા શહેરોને પ્રાથમિકતાના આધાર પર જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે યોજના બનાવવા અને પહેલ કરવાની જરૂર દેખાઇ રહી છે.

પાણી સોખી લેનાર માટી પર શહેર વસાવવા માટે અને કુદરતી પુરના મેદાનમાં નિર્માણને રોકવાની જરૂર દેખાઇ રહી છે. શહેરી તૈયારીઓમાં હિટવેવ્ય જેવી ઘટનાઓને લઇને યોજના બનાવવાની જરૂર દેખાઇ રહી છે. તે હવે જાહેર આરોગ્યની કોઇ સમસ્યા તરીકે રહી ગઇ નથી. સ્થાનિક એકમોને શ્રમ, પાણી, અને વીઝળી જેવા ક્ષેત્રોમાં સમન્વય કરવાની જરૂર દેખાઇ રહી છે. જળવાયુ પરિવર્તનની અસરથી દરેક ક્ષેત્ર જોરદાર રીતે પ્રભાવિત થઇ રહ્યા છે. ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ સુધી પહોંચી જશે. તેનો મોટા ભાગનો હિસ્સો શહેરી રહેનાર છે. સમય રહેતા તૈયારી કરવાની જરૂર છે. ભવિષ્યમાં પર્યાવરણને લઇને સમસ્યા આવનાર છે.

### ટેકનોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે । વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શન

# ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઇ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે.

ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઇને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઇને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઇને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર



ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઇસ અને હાઇ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઇડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઇડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઇસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે.

આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઇડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઇચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઇવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઇન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઇ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઇ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઇ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે જે આસપાસ હાજર નથી.

હજુ સુધી આનો ઉપયોગ પાયલોટ ટ્રેનિંગ અથવા તો હેલ્થકેર સેક્ટરમાં થતો રહ્યો છે. જો કે હવે ગેંમિંગ અને અન્ય એન્ટરટેઇનમેન્ટનના ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધવા લાગી ગયો છે. આનો ઉપયોગ વધવાના કારણે આ સેક્ટર સ્મોલ બિઝનેસના કેટલાક અવસર આપે છે.

CMYK



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234 info@cyberoctet.com www.cyberoctet.com


CMYK

## ફ્રેન્ચ બોયફ્રેન્ડ સાથે રિલેશનશીપમાં હતી

# બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતનું વર્ષો બાદ બ્રેકઅપ



હિન્દી ફિલ્મ જગતની બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતે નિર્માતા મહેશ ભટ્ટની ફિલ્મ મર્ડરથી સનસનાટી મચાવીને ૨૦ વર્ષ પહેલા મલ્લિકાએ રાતોરાત પ્રસિદ્ધિ મેળવી હતી. એક્ટર ઈમરાન હાશ્મી સાથે ફિલ્મમાં તેના બોલ્ડ સીન્સની ભરમાર તે સમયે ખૂબ જ ચર્ચાનો વિષય બન્યા હતા.એક્ટિંગ કરિયર ઉપરાંત મલ્લિકા શેરાવત પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ એક મીડિયા ઈનટરવ્યુ દરમિયાન તેણે પોતાની લવ લાઈફને લઈને ખુલાસો કર્યો છે, તેને જાણીને તેના ચાહકોને ઝટકો લાગી શકે છે. એક્ટ્રેસે પોતાના બ્રેકઅપ પર મહોર લગાવી છે. બોલિવૂડ સેલેબ્સની પર્સનલ લાઈફ હંમેશાથી ચાહકો વચ્ચે ગોસિપનો એક મહત્વપૂર્ણ મુદ્દો રહે છે. દાખલા તરીકે હાલમાં અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય અવાર નવાર ચર્ચામાં રહે છે. પરંતુ હાલમાં મલ્લિકા શેરાવતના બ્રેકઅપના સમાચારે આવા જ મામલાને વધુ વેગ આપ્યો છે. તાજેતરમાં જ મલ્લિકાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના બ્રેકઅપની વાત કબૂલી છે. અભિનેત્રીએ કહ્યું કે, 'હા એ સત્ય છે કે મારું બ્રેકઅપ થઈ ગયું છે. લાંબા સમયથી હું અને સિરિલ ઓક્સેનફેન્સ એક સાથે હતા, પરંતુ હવે અમે અલગ થઈ ગયા છે. હાલના સમયમાં એક યોગ્ય વ્યક્તિની તલાશ કરવી ખૂબ જ મુશ્કેલ છે. હું આ મામલે વિસ્તારથી વાત કરવા નથી માગતી. હાલમાં હું સિંગલ છું.' આમ, અભિનેત્રીએ પોતાના બ્રેકઅપની પુષ્ટિ કરી છે. મલ્લિકા શેરાવત લાંબા સમયથી ફ્રેન્ચ નાગરિક સિરિલ ઓક્સેનફેન્સને ડેટ કરી હતી અને તેની સાથે રિલેશનશિપમાં હતી. જ્યારે તેની કારકિર્દી કંઈ ખાસ નહોતી ચાલી રહી, ત્યારે તે સિરિલ સાથે પેરિસ શિફટ થઈ ગઈ હતી.

# શ્વેતા તિવારીએ ૮ વર્ષ નાના એક્ટર સાથે કરી લીધા લગ્ન ?

## વેડિંગ કપલ ફોટો થયો વાયરલ



એક્ટ્રેસ શ્વેતા તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. તેણે બે લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. શ્વેતાના છૂટાછેડા થઈ ગયા છે અને હવે તે પોતાના બે બાળકો અને કેરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ શ્વેતાનો એક ફોટો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જે બાદ તેના ત્રીજા લગ્નની અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે.ફોટામાં, શ્વેતા દુલ્હનના પોશાકમાં સજ્જ જોવા મળે છે અને તે અભિનેતા વિશાલ આદિત્ય સિંહ સાથે લગ્ન કરતી જોવા મળે છે, જે તેના કરતા ૮ વર્ષ નાના છે. શ્વેતા અને આદિત્યએ કલર કોઓર્ડિનેટેડ પોશાક પહેર્યા છે અને તેમના ગળામાં સફેદ ગુલાબની માળા છે. શ્વેતાની માંગમાં સિંદૂર પણ દેખાય છે. પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તે નથી.વાસ્તવમાં, આ એક મૉર્ફ કરેલો/બનાવટી ફોટો છે. આ વાસ્તવિક ફોટો અભિનેત્રી સ્વરા ભાસ્કરના સમાજવાદી પાર્ટીના નેતા ફહાદ અહેમદ સાથેના લગ્નના રજિસ્ટ્રેશનનો ફોટો છે. આ ફોટો પર કોઈએ વિશાલ આદિત્ય સિંહ અને શ્વેતા તિવારીના ચહેરાને એડિટ કર્યો છે. શ્વેતા અને વિશાલના લગ્નનો આ ફોટો સાવ ખોટો છે.શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહ સારા મિત્રો છે. તે ખતરોં કે ખિલાડીમાં પણ જોવા મળ્યો હતો. તેમના અફેર વિશે અફવાઓ પણ ફેલાઈ ચૂકી છે. પરંતુ કલાકારોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે અને તેનાથી વધુ કંઈ નથી. બંનેએ બેગુસરાયમાં પણ સાથે કામ કર્યું હતું.શ્વેતાની વાત કરીએ તો તેના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા.

# ભાગમ ભાગ ૨ નક્કીઃ અક્ષય-ગોવિંદા ૧૮ વર્ષે ભેગા થશે

## ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે

ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે. ગોવિંદા, અક્ષય કુમાર અને પરેશ રાવલના લીડ રોલ ધરાવતી 'ભાગમ ભાગ'ને કલ્ટ કોમેડી ગણવામાં આવે છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મની સીક્વલ બનાવવાની તજવીજ શરૂ થઈ છે, જેના કારણે ૧૮ વર્ષના લાંબા બ્રેક પછી અક્ષય કુમાર અને ગોવિંદા સાથે કામ કરતા જોવા મળશે. 'ભાગમ ભાગ'ની રિલીઝ થઈ તે સમયે સોશિયલ મીડિયાનો દબદબો શરૂ થયેલો ન હતો. સોશિયલ મીડિયા પર બહુ ઝડપથી ટ્રેન્ડ બદલાતા રહે છે ત્યારે 'ભાગમ ભાગ'ની વીડિયો ક્લિપ સતત વાઈરલ થતી રહે છે. સમય અને સંજોગો અનુસાર આ ફિલ્મની શોટ્ર્સ બનવીને શેર કરવાનું આજની પેઢીને પણ ગમે છે. પ્રિયદર્શનના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને કોમેડી જોનરમાં અક્ષય કુમારની




'હેરાફેરી' અને 'વેલકમ' સમકક્ષ ગણવામાં આવે છે. 'હેરાફેરી' અને 'વેલકમ'ની સીક્વલ્સ બનેલી છે અને હજુ બનવાની છે. 'ભાગમ ભાગ'ની સીક્વલ હજુ બની નથી. આ ફિલ્મના રાઈટ્સ શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસે છે. સરિતા અશ્વિન વર્દેએ આ રાઈટ્સ ખરીદી લીધા છે અને સ્ક્રિપ્ટનું કામ હાલ ચાલી રહ્યું છે. રોરિંગ રિવર પ્રોડક્શન્સ અને શેમારૂ એન્ટરટેઈનમેન્ટ ભેગા થઈને 'ભાગમ ભાગ ૨' બનાવવાના છે. સરિતા વર્દેના પતિ અશ્વિન વર્દે અગાઉ બોસ, મુબારકન, કબીરસિંગ, ઓહ માય ગોડ ૨ અને ખેલ ખેલ મેં જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. ફિલ્મની સ્ક્રિપ્ટ જાન્યુઆરી સુધીમાં ફાઈનલ થઈ જશે.

# રણવીર- દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફલેટ ભાડે લીધો



દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફલેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફલેટ લીધો છે. ભાડે લીધેલો ફલેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે. આ ફલેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાઅને રણવીરે આ ફલેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફલેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે. મુંબઈના પ્રભાદેવીની બિલ્ડિંગમાં એક ફલેટ ખરીદેલો છે, બીજા માટે મહિને સાત લાખ ભાડું આપશે.

# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

## ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી

જુનિયર એનટીઆર સાથે 'દેવરા'ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. 'મગધીરા'માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્કિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી 'દેવરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# પીએમ મોદીની અપીલ બાદ ધ સાબરમતી રિપોર્ટની કમાણીમાં જંગી ઉછાળો

વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જો કે આ ફિલ્મ રીલીઝ પહેલાથી જ ચર્ચાઓમાં ચાલી રહી છે. રિલીઝ થયા પછી ભલે ફિલ્મને શાનદાર ઓપનિંગ ન મળી હોય, પરંતુ ફિલ્મને ખૂબ જ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' બોક્સ ઓફિસ પર ધીમે ધીમે પરંતુ સતત કમાણી કરી રહી છે.ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ધ સાબરમતી રિપોર્ટનું ઓપનિંગ ડે કલેક્શન ૧ કરોડ ૨૫ લાખ રૂપિયા હતું. પહેલા જ રવિવારે ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૩ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું. પ્રથમ અઠવાડિયું પૂરું થતાં સુધીમાં ફિલ્મે ૧૧ કરોડ ૫૦ લાખ રૂપિયાની કમાણી કરી લીધી હતી. આ વીકેન્ડમાં પણ ફિલ્મની કમાણીમાં જોરદાર ગ્રોથ જોવા મળ્યો છે. શુક્રવારે ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાની કમાણી કર્યા પછી, શનિવારે તેણે લગભગ ૮૬ ટકાનો બિઝનેસ ગ્રોથ બતાવ્યો છે. અહેવાલો અનુસાર, ફિલ્મનું શનિવારે કલેક્શન ૨ કરોડ ૬૦ લાખ રૂપિયા રહ્યું છે.વિક્રાંત મેસી અને રાશિ ખન્ના અભિનીત ગોધરા કાંડ પર આધારિત, આ ફિલ્મ સત્ય હકીકતની આસપાસ વણાયેલી છે અને દર્શકોને એક રોમાંચક પ્રવાસ પર લઈ જાય છે જેમાં ડ્રામા, થ્રિલર અને ઘણી બધી લાગણીઓ છે.




# 'કંગુવા' ઈફેક્ટઃ સુરિયાની આગામી ફિલ્મ 'કર્ણ' અટકી

તમિલ સુપરસ્ટાર સુરિયાની 'કંગુવા'નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી 'કંગુવા'ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે 'કર્ણ'નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની 'કંગુવા' પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ 'કર્ણ'ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ 'કર્ણ' બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફલોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને 'કંગુવા'ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે 'કર્ણ'માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી.




# માલદીવ્સમાં પલક તિવારી વે-કેશનમાં ઈબ્રાહિમ પણ સાથે છે?

## ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી છે પલક

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૦૨૪ના વર્ષની વિદાય પહેલાં નવી જોડીઓ બની હોવાના ખુલાસા થઈ રહ્યા છે. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાના લગ્ન ઉપરાંત વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના રિલેશન્સ અંગે કન્ફર્મેશન બાદ પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળોને પણ સમર્થન મળ્યું છે. પલક તિવારીએ માલદીવ્સમાં વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. આ ફોટોગ્રાફ્સ ઈબ્રાહિમે જ ક્લિક કર્યા હોવાનું અનુમાન છે. ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી પલકે સલમાન ખાનની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. ફિલ્મની રિલીઝ પૂર્વે જ પલકે સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈને મોટો ફેનબેઝ ઊભો કર્યો છે. પોતાના ફોલોઅર્સ સાથે કનેક્ટ રહેતી પલકે તાજેતરમાં માલદીવ્સ વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા છે. પિન્ક કલરના ડ્રેસમાં તેણે અલગ-અલગ લોકેશન્સ પરથી સેલ્ફી અને ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સેલ્ફી તો પલકે જાતે લીધી હોય, પરંતુ તેનું ગ્લેમરસ ફોટોશૂટ ઈબ્રાહિમ અલી ખાને કર્યું હોવાનું અનુમાન છે. સૈફ અલી ખાનનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. પલકે ફોટોગ્રાફ્સ શેર કર્યાના થોડા સમય બાદ માલદીવ્સમાં આ જ લોકેશન પરથી ઈબ્રાહિમે પણ ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. જેથી પલક અને ઈબ્રાહિમ સાથે હોવાની અટકળોને વેગ મળ્યો છે. પલકે માલદીવ્સ વેકેશન ફોટોગ્રાફ્સ થોડા સમય અગાઉ શેર કર્યા ત્યારે આ પ્રકારની અટકળો શરૂ થઈ ન હતી.



લાશ રોડ પર ફેંકી દીધી

# છત્તીસગઢ રાજ્યમાં માઓવાદીઓનો આતંક! ૨ લોકોની હત્યા કરી

**જિલ્લાના નૈમેદ અને ભૈરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પૂર્વ સરપંચ સુખરામ અવલમ અને સુકાલુ ફરસાનું પહેલા અપહરણ કરવામાં આવ્યું હતું**

। બીજાપુર,તા.૫ ।

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બીજાપુર જિલ્લામાં બે લોકોની હત્યા કરવામાં આવી છે. આ બંને પૂર્વ સરપંચ હોવાનું કહેવાય છે. એવું માનવામાં આવે છે કે આ બંનેની હત્યા શંકાસ્પદ માઓવાદીઓએ કરી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લાના નૈમેદ અને ભૈરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પૂર્વ સરપંચ સુખરામ અવલમ અને સુકાલુ ફરસાનું પહેલા અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી હત્યા કરીને તેમના મૃતદેહ ફેંકી દેવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું કે અમને લાગે છે કે માઓવાદીઓએ આ કર્યું છે. મળતી માહિતી મુજબ, સુખરામ નૈમેદ પોલીસ સ્ટેશન વિસ્તારના કાદર ગામનો રહેવાસી હતો અને સુકુલ ફરસા ભૈરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના બિર્યાભૂમિ ગામનો રહેવાસી હતો.માહિતી આપતા પોલીસે જણાવ્યું કે કાદર ગામના રહેવાસી પૂર્વ સરપંચ અવલમ બીજાપુરના શાંતિનગરમાં રહેતા હતા. બુધવારે તેઓ ખેતીના કામ માટે તેમના ગામ કાદર આવ્યા હતા. ઘટનાના દિવસે કૈકા અવલમ કાદરથી નજીકના ગામમાં કોઈ કામ અર્થે ગઈ હતી. જ્યારે તે ત્યાંથી પોતાના કેડરમાં પરત ફરી રહ્યો હતો ત્યારે સાંજે લગભગ ૬.૩૦ વાગે બે અજાણ્યા શખ્સો તેની પાસે આવ્યા અને તેને જંગલ તરફ લઈ ગયા. તેણે જણાવ્યું કે રાત્રે લગભગ ૯ વાગે સુખરામની હત્યા કરીને લાશને કાદર-કૈકા રોડ પર ફેંકી દેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે માઓવાદીઓની ગંગાલુર એરિયા કમિટી દ્વારા જારી કરાયેલ એક પેમ્ફલેટ પણ સ્થળ પરથી મળી આવ્યું છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે આવી જ અન્ય એક ઘટનામાં માઓવાદીઓએ પૂર્વ સરપંચ સુકાલુ ફરસાનું અપહરણ કર્યા બાદ હત્યા કરી હતી. તેમણે જણાવ્યું કે માઓવાદીઓએ સોમવારે પૂર્વ સરપંચ સુકાલુ ફરસાનું બિર્યાભૂમિ ગામના માર્ગ પરથી અપહરણ કર્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે

# દેવેન્દ્ર ફડનવીસ અને નાયબ મુખ્યમંત્રી તરીકે એકનાથ શિંદે અને અજીત પવારે સોગંદ લીધા

**સુખબીર સિંહ બાદલ ઘંટાઘર તરફના હરમંદિર સાહિબના ગેટ પાસે હાજર હતા । આ દરમિયાન એક વ્યક્તિએ આવીને પોતાની પોકેટ પિસ્તોલમાંથી ગોળી કાઢી જે સુખબીર બાદલ પાસેથી પસાર થઈ અને દિવાલ સાથે અથડાઈ**

। મુંબઇ, તા.૫ ।



ભાજપના નેતા દેવેન્દ્ર ફડનવીસે આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા હતાં જયારે શિવસેનાના નેતા એકનાથ શિંદે અને એનસીપી નેતા અજીત પવારે નાયબ મુખ્યમંત્રીના સોગંદ લીધા હતાં.રાજયપાલ સી પી રાધાકૃષ્ણને સોગંદ લેવડાવ્યા હતાં સોગંદવિધિની શરૂઆત રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી ત્યારબાદ મહારાષ્ટ્રનું રાજય ગીત વગાડવામાં આવ્યું હતું.

સૌથી પહેલા દેવેન્દ્ર ફડનવીસે મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા હતાં તેઓ ત્રીજીવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા છે. તેમણે મરાઠીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં સોગંદ લીધા બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદ લીધા હતાં રાજયપાલે તેમને પુષ્પગુંજ અર્પણ કર્યું હતું ત્યારબાદ એકનાથ શિંદેએ સોગંદ લીધા હતાં તેમણે બાલા સાહેબ, નરેન્દ્ર મોદી અમિત શાહને યાદ કર્યા હતાં તો રાજયપાલે તેમને અટકાવ્યા હતાં અને સોગંદ લેવા માટે કહ્યું હતું ત્યારબાદ તેમણે ઈશ્વરના નામે મરાઠીમાં સોગંદ લીધા હતાં.આ ઉપરાંત અજીત પવારે પણ નાયબ મુખ્યમંત્રી તરીકે સોગદ લીધા હતાં તેઓ છઠ્ઠીવાર નાયબ મુખ્યમંત્રી બન્યા છે. તેમણે મરાઠીમાં સોગંદ લીધા હતાં, ફડનવીસ,એકનાથ શિદે અને અજીત પવાર સિવાય અન્ય કોઇ નેતાઓએ મંત્રી તરીકેના સોગંદ લીધા ન હતાં સોગંદવિધિ પુરી થયા બાદ રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું હતું. સોગંદવિધિ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદ મેદાનમાં હાજર રહેલા તમામ લોકોનું હાથ જોડીને અભિવાદન કર્યું હતું.

દેવેન્દ્ર ફડનવીસે મુખ્યમંત્રી તરીકે ત્રીજીવાર સોગંદ લીધા હતાં તેઓ નાગપુર દક્ષિણથી ધારાસભ્ય છે આ પહેલા ૨૦૧૪માં તે પહેલી વાર મુખ્યમંત્રી બન્યા હતાં ત્યારબાદ ૨૦૧૯ની ચુંટણીમાં કેટલાક દિવસ માટે મુખ્યમંત્રી રહ્યાં હતાં ત્યારબાદ મહાયુતિ ગઠબંધન બન્યું અને મુખ્યમંત્રી એકનાથ શિંદે બનાવી દેવામાં આવ્યા અને ફડનવીસ નાયબ મુખ્યમંત્રીની ભૂમિકામાં રહ્યાં હતાં.

## ન્યૂઝ બ્રિફ



એક મોટી દુર્ઘટના સર્જાઇ ગઇ ૧ મહિલાનું મોત થયું

### અલ્લૂ અર્જુનને મળવા થિયેટરમાં મચી નાસભાગ

। હૈદરાબાદ, તા.૫ ।

અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ રિલીઝ થઈ છે અને સાથે જ એક મોટી દુર્ઘટના સર્જાઈ ગઈ છે. ફિલ્મના પ્રીમિયર દરમિયાન થિયેટરમાં અલ્લુ અર્જુન પહોંચ્યો હતો. અલ્લુ અર્જુનને મળવા માટે થિયેટરમાં નાસભાગ મચી ગઈ. ભીડને કંટ્રોલ કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો અને આ ઘટનામાં એક મહિલાનું મોત થયું અને ત્રણ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. આ અંગે જાણવા મળતી માહિતી અનુસાર હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં પુષ્પા ૨ ના સ્ક્રિનિંગ માટે અલ્લુ અર્જુન પણ પહોંચ્યો હતો. અલ્લુ અર્જુન ને જોઈને ચાહકોમાં તેને મળવા માટે હડકંપ મચી ગયો. બધા જ લોકો અલ્લુ અર્જુન ને મળવા માટે દોડધામ કરવા લાગ્યા. ભીડ ને કંટ્રોલ કરવા માટે પોલીસે લાઠી ચાર્જ કરવો પડ્યો. આ નાસભાગમાં એક મહિલાનું મોત થયું છે અને ત્રણ લોકો ઘાયલ થઈ ગયા છે.

### સલમાન ખાનના શૂટિંગ સેટ પર અજાણ્યો વ્યક્તિ ઘૂસ્યો

। મુંબઇ, તા.૫ ।

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના શૂટિંગ સેટમાં એક અજાણ્યો વ્યક્તિ કથિત રીતે ઘૂસ્યો હતો. પૂછપરછ પર, વ્યક્તિએ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ લઈને ધમકી આપવાનો પ્રયાસ કર્યો. અહેવાલો અનુસાર, એક અધિકારીએ આ ઘટના વિશે માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિને તરત જ પકડી લેવામાં આવ્યો હતો અને પૂછપરછ માટે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે શકમંદ સેટ પર પહોંચવામાં સફળ થયો જ્યાં સલમાન ખાન શૂટિંગ કરવાનો હતો. પોલીસ હાલ આ મામલે તપાસ કરી રહી છે. વાસ્તવમાં બુધવારે રાત્રે મુંબઈના ઝોન પમાં બોલિવૂડ એક્ટર સલમાન ખાનના શૂટિંગ લોકેશનમાં એક શંકાસ્પદ વ્યક્તિ ઘુસ્યો હતો. દાદર વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. આ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને હાલમાં શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ મામલે હજુ વધુ માહિતી બહાર આવવાની બાકી છે. તાજેતરના મહિનાઓમાં સલમાન ખાનને બિશ્નોઈ ગેંગ તરફથી સતત ધમકીઓ મળી રહી છે.

## કોહલી તેના સ્વાસ્થ્ય અને ફિટનેસને લઈને ખૂબ જ શિસ્તબદ્ધ છે : અનુષ્કા

। મુંબઇ, તા.૫ ।

ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીની ગણતરી વિશ્વના સૌથી ફિટ ક્રિકેટરોમાં થાય છે. તેણે હાલમાં જ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં રેડ બોલના ફોર્મેટમાં તેની ૩૦મી સદી ફટકારી હતી અને હવે તે શુક્રવારથી શરૂ થઈ રહેલી એડિલેડ ટેસ્ટની તૈયારી કરી રહ્યો છે. આ મેચ પહેલા જ બોલિવૂડ એક્ટ્રેસ અને કોહલીની પત્ની અનુષ્કા શર્માએ સ્ટાર બેટ્સમેનની ફિટનેસનું રહસ્ય જણાવી દીધું છે.ચાહકોને ૩૬ વર્ષના બેટ્સમેન પાસેથી શાનદાર બેટિંગની આશા છે, પરંતુ અનુષ્કાએ ખુલાસો કર્યો છે કે કોહલીની ફિટનેસનું રહસ્ય શું છે. પિંક બોલ ટેસ્ટ પહેલા સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં અનુષ્કા કોહલીના સ્વાસ્થ્ય અને જીવનશૈલી સાથે જોડાયેલી વાતો જણાવી રહી છે. અનુષ્કાએ કહ્યું, પ્રામાણિકપણે, હું તમને એક વાત કહેવા માંગુ છું કે કોહલી તેના સ્વાસ્થ્ય અને ફિટનેસને લઈને ખૂબ જ શિસ્તબદ્ધ છે. મને લાગે છે કે હવે આપણા ઉદ્યોગમાં પણ આવું થઈ રહ્યું છે.અનુષ્કાએ કહ્યું કે કોહલીની દિનચર્યા એવી છે જે તેને ફિટ રહેવામાં મદદ કરે છે.

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં

## વૈષ્ણોદેવી મંદિરની આસપાસ બે મહિના માટે દારૂ અને માંસાહારી ખોરાક પર પ્રતિબંધ

**પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટરના માર્ગ પર લાગુ થશે**

। શ્રીનગર, તા.૫ ।

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં વૈષ્ણોદેવી મંદિરની મુલાકાત લેતા તીર્થયાત્રીઓ માટેના બેઝ કેમ્પ કટરામાં દારૂ અને માંસાહારી ખોરાકના વેચાણ, કબજા અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે આ પ્રતિબંધ કટરાથી ત્રિકુટા ટેકરી પર સ્થિત પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટરના માર્ગ પર લાગુ થશે.તેમણે કહ્યું કે આ આદેશ જારી થયાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે. કટરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પીયૂષ ધોત્રાએ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ કટરા અને આસપાસના વિસ્તારોમાં ઈંડા, ચિકન, મટન અને સી ફૂડ સહિત દારૂ અને માંસાહારી ખોરાકના વેચાણ, કબજા અને વપરાશ પર પ્રતિબંધ લાદ્યો છે સ્થાપિત કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રતિબંધ કટરાથી ત્રિકુટા ટેકરી પર સ્થિત પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટરના માર્ગ પર લાગુ થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ આદેશ જારી થયાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે. કટરા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પીયૂષ ધોત્રાએ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ કટરા અને આસપાસના વિસ્તારોમાં ઈંડા, ચિકન, મટન અને દરિયાઈ ખોરાક સહિત દારૂ અને માંસાહારી ખોરાકના વેચાણ, કબજા અને વપરાશ પર પ્રતિબંધ લાદ્યો હતો, અધિકારીઓએ જણાવ્યું હતું. આપ્યો છે.

ચીની હેકર્સે દુનિયાના ઘણા દેશોને નિશાન બનાવ્યા

# ચીનના હેકિંગથી અમેરિકા સહિત અનેક દેશોમાં હલચલ મચી ગઈ

**ચીનના આ સાયબર હુમલાથી અમેરિકા પણ અછૂત નથી. વ્હાઇટ હાઉસનો આરોપ છે કે ચીને ઓછામાં ઓછી ૮ અમેરિકન ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ પર હુમલો કર્યો**

। વોશિંગ્ટન, તા.૫ ।



ચીની હેકર્સે દુનિયાના ઘણા દેશોને નિશાન બનાવ્યા છે. તેઓ વિવિધ દેશો અને તેમની જાણીતી કંપનીઓ પર સતત સાયબર હુમલાઓ કરી રહ્યા છે. ચીનના આ સાયબર હુમલાથી અમેરિકા પણ અછૂત નથી. વ્હાઈટ હાઉસનો આરોપ છે કે ચીને ઓછામાં ઓછી ૮ અમેરિકન ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ પર હુમલો કર્યો છે. એટલું જ નહીં, અમેરિકા સિવાય ચીને અન્ય ઘણા દેશોના ટેલિકોમ્યુનિકેશન અને કમ્પ્યુટર નેટવર્ક પર પણ હુમલો કર્યો છે.વ્હાઈટ હાઉસનો દાવો છે કે ચીનના 'હેકિંગ' અભિયાનથી અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશો પ્રભાવિત થયા છે. વ્હાઈટ હાઉસ (અધિકારીક નિવાસસ્થાન અને અમેરિકી રાષ્ટ્રપતિનું કાર્યાલય)ના ટોચના અધિકારીએ બુધવારે આ માહિતી આપી. નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એની ન્યુબર્ગરે વ્યાપક ચાઈનીઝ 'હેકિંગ' ઝુંબેશ વિશે નવી વિગતો ઓફર કરી. વિગતો અનુસાર, ચીન દ્વારા કરવામાં આવેલા આ 'હેકિંગ' અભિયાનને કારણે બેઈજિંગમાં અધિકારીઓને અજાણ્યા અમેરિકનોના ખાનગી સંદેશાઓ અને ફોન પરની વાતચીતને ઍક્સેસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.ન્યુબર્ગરે 'હેકિંગ'ના આ કેસનો ખુલાસો કર્યો હતો અને ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અને સાયબર સિક્યુરિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિક્યુરિટી એજન્સીએ 'હેકિંગ' અને તેની સાથે સંકળાયેલા લોકોને જડમૂળથી દૂર કરવા અને ભવિષ્યમાં સમાન સાયબર જાસૂસી અટકાવવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી દિવસ પછી. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ ચેતવણી આપી હતી કે અસરગ્રસ્ત ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ અને દેશોની સંખ્યા હજુ વધી શકે છે.

## દિલ્હીમાં એક બાળકના શંકાસ્પદ મૃત્યુ પછી, સીએમ આતિશી પરિવારને મળ્યા

। નવીદિલ્હી, તા.૫ ।

મંગળવારે (૩ ડિસેમ્બર), દિલ્હીના વસંત વિહારની ચિન્મય સ્કૂલમાં ૧૨ વર્ષના ધોરણ છના વિદ્યાર્થીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. જે બાદ આજે મુખ્યમંત્રી આતિશી માર્લેનાએ સમગ્ર મામલાની તપાસના આદેશ આપ્યા છે, ગુરુવારે દિલ્હીના મુખ્યમંત્રી મૃતક બાળકના પરિવારને મળ્યા હતા અને ન્યાય અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. આ સાથે તપાસની બે પદ્ધતિઓનો પણ આદેશ આપવામાં આવ્યો છે. બાળકના પિતા સાગરે આરોપ લગાવ્યો કે પોલીસ જે રીતે ઉતાવળમાં વર્તી રહી છે તેનાથી એવું લાગે છે કે તેઓ આરોપીઓને બચાવી રહી છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે નાસાના વડા તરીકે જાણીતા ઉદ્યોગપતિ જેરેડ ઈસાકમેનને નોમિનેટ કર્યા

। કેપ કેનાવેરલ, તા.૫ ।

યુએસ પ્રમુખ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ તેમના શપથ ગ્રહણ સમારોહ પહેલા લગભગ તમામ પદો માટે તેમના નજીકના લોકોને નોમિનેટ કર્યા છે. ટ્રમ્પે બુધવારે અબજોપતિ જેરેડ ઈસાકમેનની નિમણૂકની જાહેરાત કરી હતી, જેમણે નાસા માટે એલોન મસ્કના સ્પેસએક્સ સાથે અવકાશમાં પ્રથમ ખાનગી અવકાશ સફર કરી હતી, તેમના વહીવટમાં. ટ્રમ્પે જેરેડ ઈસાકમેનને નાસાના નેતૃત્વ માટે નોમિનેટ કર્યા છે.જેરેડ ઈસાકમેન, ૪૧,સીઈઓ અને કાર્ડ પ્રોસેસિંગ કંપનીના સ્થાપક, તે ૨૦૨૧ની સફરમાં હરીફાઈના વિજેતાઓ સાથે અવકાશમાં ગયા હતા અને સ્પેસએક્સના નવા સ્પેસવોકિંગ સૂટનું પરીક્ષણ કરવાના મિશન સાથે થોડા સમય માટે અવકાશમાં પણ ગયા હતા. જો સેનેટ દ્વારા પુષ્ટિ કરવામાં આવે તો, તેઓ બિલ નેલ્સન, ૮૨, ફ્લોરિડાના ભૂતપૂર્વ ડેમોક્રેટિક સેનેટરનું સ્થાન લેશે, જેમને રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા.રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતપૂર્વ આર્મી અને ઈરાક યુદ્ધના અનુભવી ડેનિયલ પી. ડ્રિસકોલને સશસ્ત્ર દળોના સચિવ તરીકે નામાંકિત કર્યા છે.

**પંજાબ પોલીસ હાઈ એલર્ટ પર** | **આ કંપનીઓ કોમ્પ્યુટર ચિપ્સ, ચિપ બનાવવાના સાધનો અને સોફ્ટવેર બનાવવા માટે વપરાતા સાધનો બનાવે છે**

# અમૃતસરના મજીઠા પોલીસ સ્ટેશનમાં જોરદાર ગ્રેનેડ વિસ્ફોટ

। અમૃતસર, તા.૫ ।




પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠા પોલીસ સ્ટેશનમાં બુધવારે રાત્રે ૧૦.૦૫ કલાકે જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે પોલીસ સ્ટેશનની બારીઓના કાચ તૂટી ગયા હતા. વિસ્ફોટ પોલીસ સ્ટેશનના ગેટ પાસેના ખુલ્લા વિસ્તારમાં થયો હતો. બ્લાસ્ટ બાદ પોલીસ સ્ટેશનના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા અને પોલીસે તાત્કાલિક સુરક્ષા વધારી દીધી હતી.પ્રારંભિક માહિતી અનુસાર, પોલીસ સ્ટેશનની અંદર હેન્ડ ગ્રેનેડ ફેંકવામાં આવ્યો હતો, જોકે અધિકારીઓએ તેની પુષ્ટિ કરી નથી. વિસ્ફોટની માહિતી મળતા જ મજીઠા ડીએસપી જસપાલ સિંહ ધિલ્લોન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે ઘણા પોલીસકર્મીઓ હાજર હતા, પરંતુ આ ઘટનામાં કોઈ નુકસાન થયું હોવાની માહિતી મળી નથી. મામલાની ગંભીરતાને જોઈને પંજાબ પોલીસની બોર્ડર રેન્જના ડીઆઈજી સતીન્દર સિંહ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને મામલાની તપાસ શરૂ કરી. આ વિસ્ફોટના થોડા સમય પહેલા બુધવારે સવારે અમૃતસરના સુવર્ણ મંદિરની બહાર પંજાબના પૂર્વ ડેપ્યુટી સીએમ સુખબીર સિંહ બાદલને મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ સમગ્ર પંજાબમાં પોલીસ હાઈ એલર્ટ પર છે અને સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. આ સાથે મજીઠામાં થયેલા બ્લાસ્ટથી પોલીસ પ્રશાસનની ચિંતા વધી ગઈ છે.અમૃતસર જિલ્લામાં ૬ દિવસમાં બીજી વખત આ બ્લાસ્ટ થયો છે. ૨૯ નવેમ્બરની રાત્રે પણ અમૃતસર શહેરના ગુરબક્ષ નગર ચોકીમાં વિસ્ફોટ થયો હતો, જોકે આ ચોકી થોડા દિવસો પહેલા જ બંધ કરી દેવામાં આવી હતી. આ સિવાય ૨૩-૨૪ નવેમ્બરની રાત્રે અજનાલા પોલીસ સ્ટેશનની બહાર એક આઈઈડી (ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) પણ લગાવવામાં આવ્યું હતું, જે ટેકનિકલ ખામીને કારણે વિસ્ફોટ થઈ શક્યું ન હતું.

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ઠંડી માટે આપણે થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે

# કાશ્મીરમાં તાપમાન શૂન્યથી નીચે, હિમાચલમાં હિમવર્ષાની શક્યતાઓ

। નવીદિલ્હી,તા.૫ ।




દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી પડી રહી છે, પરંતુ ડિસેમ્બરમાં પહેલા જેવી તીવ્ર ઠંડીના કોઈ સંકેત નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ઠંડી માટે આપણે થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે. તે જ સમયે, કાશ્મીર અને લદ્દાખમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા બાદ ઠંડીનું મોજું વધી ગયું છે.કાશ્મીર ખીણના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે રહ્યું હતું, જેમાં શ્રીનગરમાં માઈનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પહેલગામ માઈનસ ૪.૮ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઠંડું હતું. -૨.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ગુલમર્ગ ખીણમાં સૌથી ઠંડો પ્રદેશ રહ્યો. તમને જણાવી દઈએ કે હવામાન વિભાગે ૧૦ ડિસેમ્બર સુધી ખીણમાં હવામાનની પેટર્નમાં કોઈ ખાસ ફેરફાર નહીં થવાની આગાહી કરી છે, સિવાય કે કેટલીક જગ્યાએ હળવી હિમવર્ષા અને વરસાદની શક્યતા છે.હવામાન વિભાગની તાજેતરની આગાહી મુજબ, ૮ ડિસેમ્બરે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ફરી સક્રિય થશે. રાજ્યના ઉચ્ચ વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે છે અને મેદાની વિસ્તારોમાં ચાર દિવસ સુધી કેટલાક સ્થળોએ વરસાદ થઈ શકે છે. જો કે આ પહેલા ત્રણ દિવસ સુધી હવામાન સ્વચ્છ રહેશે. આવી સ્થિતિમાં ખેડૂતોને થોડી રાહત મળવાની આશા છે. બુધવારે રાજ્યમાં હવામાન ચોખ્ખું રહ્યું હતું. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન લાહૌલ-સ્પીતિના તાબોમાં -૬.૪ અને સૌથી વધુ ઉનામાં ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.લાહૌલ-સ્પીતિ વહીવટીતંત્રે લાહૌલના જીસ્પા અને કોક્સરથી આગળ પ્રવાસીઓને મોકલવાની યોજના તૈયાર કરવા માટે લેહ અને કારગિલ વહીવટીતંત્ર સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી.




# દાહોદના દેવગઢ બારીયાના સીંગોર ગામેથી ગાંજાની ખેતી ઝડપાઈ

। દાહોદ, તા.૫ ।

દાહોદના દેવગઢ બારિયામાંથી ગાંજાની ખેતી ઝડપાતા તંત્ર દોડતું થયું છે. આ બનાવની વિગત મુજબ દેવગઢ બારીયાના સીંગોર ગામેથી ગાંજાની ખેતી ઝડપાઈ હતી. આ અંગે દાહોદ જીંર પોલીસને માહિતી મળી હતી. આ માહિતીને આધારે ફુંડા ફળીયામાં ગાંજાની ખેતી ઝડપી હતી. તપાસ કરતા પોલીસને ગાંજાના વાવેતર કરેલા ૨૧૬ છોડ મળી આવ્યા હતા.

પોલીસે વાવેતર કરેલા ૨૧૬ ગાંજાના છોડ કબજે કર્યા હતા. જેનું વજન ૧૩૫.૧૫૦ કિલો હોવાનું પોલીસે જણાવ્યું હતું. જેની કિંમત રૂ.૧૩.૫૧,૫૦૦/-થવા જાય છે. આરોપી મનહરભાઈ દલપતભાઈ બારીયા ઉંમર ૪૮ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી કેટલા સમયથી ગાંજાની ખેતી કરતો હતો ઉપરાંત તેણે ગાંજો ક્યાં વેચ્યો તે અંગે પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે.



























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya